
### એક જ દિવસમાં ૭૮ નવા કેસ સપાટી પર આવ્યા

# ગુજરાતમાં સ્વાઈન ફ્લુથી હાહાકાર : વધુ ૪ના મૃત્યું

## સ્વાઈન ફ્લુથી મોતનો આંકડો વધીને સત્તાવાર રીતે ૫૯ થયો : હજુપણ ૫૭૦ લોકો સારવાર હેઠળ હોવાથી ચિંતા




**અમદાવાદ,** ગુજરાતમાં કિલર બનેલા સ્વાઈન ફ્લુનો આતંક જારી રહ્યો છે. સ્વાઈન ફ્લુને કાબુમાં લેવાના તમામ પ્રયાસો હોવા છતાં દરરોજ સ્વાઈન ફ્લુના ગુજરાતમાં ૩૨થી વધુ કેસો નોંધાઈ રહ્યા છે. સ્વાઈન ફ્લુના કારણે છેલ્લા ૪૦ દિવસના ગાળામાં જ ૩૨ લોકોના મોત થતા હાહાકાર મચી ગયો છે. આજે ચાર લોકોના મોત થતા મોતનો આંકડો વધીને સત્તાવાર રીતે ૫૯ ઉપર પહોંચ્યો હતો. જયારે બિનસત્તાવાર રીતે ૭૪ ઉપર પહોંચ્યો હતો. સ્વાઈન ફ્લુના કુલ કેસોની સંખ્યા વધીને ૧૩૪૦ સુધી પહોંચી ગઈ છે. આજે સ્વાઈન ફ્લુ ૭૮ નવા કેસ સપાટી પર આવ્યા હતા. સારવાર હેઠળ રહેલા દર્દીઓની સંખ્યામાં પણ રોકેટગતિએ વધારો થઈ રહ્યો છે. ૫૭૦ લોકો હજુ પણ સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે. ૭૮ નવા કેસ પૈકી જુદા જુદા વિસ્તારમાં આ કેસ નોંધાયા છે. સ્વાઈન ફ્લુનો આતંક યથાવત રીતે જારી રહેતા હવે સ્કુલ અને કોલેજો માટે પણ આરોગ્ય ચેતવણી જારી કરાઈ છે. અમદાવાદ, રાજકોટ, વડોદરા અને અન્યત્ર વિસ્તારોમાં સ્વાઈન ફ્લુનો આતંક વધારે જોવા મળ્યો છે. એકલા રાજકોટમાં પહેલી જાન્યુઆરી બાદથી જ સ્વાઈન ફ્લુથી મોતનો આંકડો ૩૧ ઉપર પહોંચ્યો છે. જયારે કચ્છમાં મોતનો આંકડો સત્તવાર રીતે જાણી શકાયો નથી. ગુજરાતમાં સ્વાઈન ફ્લુના દરરોજ ૩૨ નવા કેસ બની રહ્યા છે. જયારે દર બે દિવસમાં ત્રણ લોકોના મોત પણ પહેલી જાન્યુઆરી બાદ થઈ રહ્યા છે.

ગઈકાલે ૭૫થી વધુ કેસો સપાટી પર આવ્યા બાદ આજે વધુ ૭૮ કેસ નોંધાયા હતા. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં સૌથી વધુ કેસો નોંધાઈ રહ્યા છે. સ્વાઈન ફ્લુના રોગચાળાને રોકવા માટે સરકારી સ્કુલોમાં રહેલા શિક્ષકોને પણ લક્ષણો પર ધ્યાન રાખવા માટે કહેવામાં આવ્યું છે. રાજકોટ, વડોદરા અને અમદાવાદમાં સ્વાઈનફ્લૂનો આતંક વધારે દેખાઈ રહ્યો છે. સ્વાઈન ફ્લૂથી બચવા માટે તંત્ર દ્વારા અલગ વ્યવસ્થા અમદાવાદ સહિતના મહાનગરપાલિકા વિસ્તારમાં જુદી જુદી હોસ્પિટલમાં કરવામાં આવી છે. ગયા વર્ષે સ્વાઈન ફ્લૂના મોટી સંખ્યામાં કેસો નોંધાયા હતા. તંત્ર દ્વારા આંકડા પણ જારી કરવામાં આવ્યા હતા. દેશના સ્વાઈન ફ્લૂ ગ્રસ્ત સૌથી વધારે આંકડા ધરાવતા રાજયોમાં ગુજરાત પણ સામેલ રહ્યું હતું. રાજસ્થાન સહિતના રાજયોમાં સ્વાઈન ફ્લૂના કેસો સપાટી પર આવી ચુક્યા છે. કેન્દ્રીય આરોગ્યમંત્રાલય પણ સ્વાઈન ફ્લુના કારણે ચિંતિત દેખાઈ રહ્યું છે જેના ભાગરુપે ગુજરાત અને પંજાબમાં કેન્દ્રીય ટીમ પહોંચી રહી છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે સ્થિતિના મુલ્યાંકન માટે તથા બિમારીઓથી પહોંચી વળવા માટે કેટલાક પગલા હાથ ધર્યા છે જેના ભાગરુપે રાજયોની સહાયતા માટે બે ટીમો પણ મોકલી દીધી છે. આરોગ્ય મંત્રાલયના આંકડા મુજબ ગુજરાતમાં ૧૦મી ફેબ્રુઆરી સુધી જ સ્વાઈન ફ્લુથી સત્તાવારરીતે ૫૯ના મોત થયા હતા અને ૧૩૫૦ કેસ નોંધાયા હતા.

સ્વાઈન ફ્લૂથ મોતનો આંકડો હજુ પણ સ્પષ્ટ રીતે મળી રહ્યો નથી પરંતુ સત્તાવાર રીતે જોઈએ તો પણ નવા વર્ષમાં હજુ સુધી ૫૯ના મોત થઈ ચુક્યા છે. જ્યારે બિનસત્તાવારરીતે ૭૪ ઉપર પહોંચ્યો હતો. પંજાબ અને રાજસ્થાનમાં પણ હાલત કફોડી બનેલી છે. પંજાબમાં ૩૦ના મોત થયા છે અને ૩૦૧ કેસ નોંધાયા છે. સ્વાઈન ફ્લુના લીધે દેશભરમાં ૨૨૬થી વધુના મોત થઈ ગયા છે. વર્ષ ૨૦૧૯માં જાન્યુઆરી બાદથી હજુ સુધી રાજયમાં કુલ દર્દીઓની સંખ્યા ૧૩૫૦થી પણ ઉપર પહોંચી ગઈ છે જ્યારે સ્વસ્થ થઈને ઘરે પરત ફરેલા દર્દીઓની સંખ્યા ૬૫૦ જેટલી નોંધાઈ છે.

સ્વાઈન ફ્લુની અસર થયા બાદ સારવાર હેઠળ રહેલા દર્દીઓની સંખ્યા હાલમાં ૫૭૦ની આસપાસ હોવાનું જાણવા મળી રહ્યું છે. સારવાર હેઠળ રહેલા ઘણા દર્દીઓની હાલત સારી નહીં હોવાનું પણ જાણવા મળ્યું છે. આજના આંકડાને ધ્યાનમાં ન લેવામાં આવે તો પણ સ્વાઈન ફ્લુનો સૌથી વધારે પ્રકોપ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જોવા મળ્યો છે જયાં જાન્યુઆરી મહિનામાં આ રોગથી ગ્રસ્ત લોકોની સંખ્યા ૨૧૩ ઉપર પહોંચી હતી.

## સ્વાઈન ફ્લૂનો આતંક...

**ગુજરાતમાં સ્વાઈન ફ્લૂનો આતંક વધી રહ્યો છે. સ્વાઈન ફ્લુનો આતંક નીચે મુજબ છે.**

| | |
|---|---|
| સ્વાઈન ફ્લૂના કુલ કેસ | ૧૩૫૦થી વધુ |
| સ્વાઈન ફ્લૂથી મોત | ૫૯થી વધુ |
| સારવાર હેઠળ લોકો | ૫૭૦થી વધુ |
| સ્વસ્થ થયેલા લોકો | ૬૫૦થી વધુ |
| ૨૪ કલાકમાં મોત | ૦૪ |
| ૨૪ કલાકમાં નવા કેસ | ૭૮ |
| બિનસત્તાવાર મોતનો આંકડો | ૭૪ |

### વણિકર ભવનની માલિકી ટ્રસ્ટની હોવાના પોસ્ટર્સ

# વીએચપી-એચએચપી વચ્ચે કાનૂની લડાઈ થાય તેવી વકી

**અમદાવાદ,** પાલડીની મહાલક્ષ્મી સોસાયટીમાં આવેલા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના કાર્યાલય વણિકર ભવનના કબ્જાના મુદ્દે ગઈકાલે વિશ્વ હિન્દુ પરિષદ(વીએચપી) અને આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ (એએચપી)ના કાર્યકરો સામ સામે આવી ગયા હતા અને એક તબક્કે બંને સંસ્થાના કાર્યકરો અને આગેવાનો વચ્ચે ઝપાઝપી થતાં વાતાવરણ ગરમાયું હતું. વણિકર ભવનના કબ્જાને લઈ વીએચપી અને એએચપીના કાર્યકરો અને આગેવાનો પોતપોતાના દાવા પર મક્કમ છે ત્યારે આજે ડો.વણીકર સ્મારક ભવન ખાતે વિવાદીત પોસ્ટર્સ લાગી ગયા હતા, જેમાં સ્પષ્ટ ઉલ્લેખ કરાયો છે કે, ડો.વણીકર સ્મારક ભવનની માલિકી ડો.વણીકર સ્મારક ટ્રસ્ટની છે અને તેથી કોઈએ ગેરકાયેદસર પ્રવેસ કરવો નહી, નહીતર કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. બીજીબાજુ, આજે પણ વણિકર ભવનની બહાર અને અંદર પોલીસનો લોખંડી બંદોબસ્ત તૈનાત કરી દેવાયો હતો.

# યશ બારોટ અને ઉમેશ બ્રમ્હભટ્ટનું નવું સોન્ગ 'આયા રે બારોટ' લોન્ચ થયું



**અમદાવાદઃ** ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ભારે લોક ચાહના ધરાવતા યશ બારોટ અને ઉમેશ બ્રમ્હભટ્ટનું નવું ગીત 'આયા રે બારોટ'ને એક ભવ્ય કાર્યક્રમમાં લોન્ચ કરવામાં આવ્યું હતું. યુડીબી ગુજરાતી દ્વારા પ્રાયોજિત આ આલ્બમની લાંબા સમયથી રાહ જાવાતી હતી, જેના ગાયક યશ બારોટ અને ઉમેશ બ્રમ્હભટ્ટ, મ્યુઝિક યશ બારોટ, ગીતકાર મિતેશ બારોટ સમ્રાટ તથા કલાકાર યશ બારોટ અને ઉમેશ બ્રમ્હભટ્ટ છે.

ઉલ્લેખનીય છે કે બારોટ સમાજમાં ઘણી પેટા જ્ઞાતિઓનો સમાવેશ થાય છે ત્યારે આ તમામ જ્ઞાતિના યુવાન અને યુવતીઓ વચ્ચે એકતા અને સંગઠનની ભાવનાને પ્રેરિત કરવાના ઉદ્દેશ્ય સાથે આ આયા રે બારોટ ગીત તૈયાર કરવામાં આવ્યું છે. આ ગીતનું શુટિંગ અમદાવાદ શહેર અને આસપાસના વિસ્તારોમાં કરવામાં આવ્યું છે તથા આગામી દિવસોમાં વધુ ગીતો લોન્ચ કરવાની યોજના છે.

આ સાથે યુડીબી ગુજરાતી ઉમેશ બ્રમ્હભટ્ટના બીજા ઘણા બધા સોન્ગ આવી રહ્યા છે જેમાંનું એક " મળી શું આવતા જન્મારે'' ઘણું હિટ જઈ રહ્યુ છે. અજબ પ્રેમની ગજબ કહાની જેવા ઉમેશ બ્રમ્હભટ્ટના યુડીબી ગુજરાતી દ્વારા આવનારા સમય મા બીજા ઘણા અવનવા આવા ગુજરાતી સોન્ગ આવશે. (૨૦-૪)

# ૩ દિવસીય ટેકનીકલ ફેસ્ટિવલ 'લક્ષ્ય-૨૦૧૯'નું એલ.ડી. કોલેજ ઓફ એન્જિનિયરીંગ, અમદાવાદ ખાતે આયોજન




**અમદાવાદ,** એલ.ડી. કોલેજ ઓફ એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓના ગ્રૂપ રોબોકોન એલડીસીઈએ તેના ત્રણ દિવસીય ટેકનીકલ ફેસ્ટિવલ 'લક્ષ્ય ૨૦૧૯'ની વિગતો જાહેર કરી હતી. જેમાં કેટલાક વર્કશોપ્સ, ટેકનીકલ ઈવેન્ટ્સ, નોન ટેકનીકલ ઈવેન્ટ્સ, એક્સપર્ટ લેક્ચર્સ અને ફન ઈવેન્ટ્સ વગેરે અનેક કાર્યક્રમોનું આયોજન થવાનું છે. ૧૪ ફેબ્રુઆરીએ લક્ષ્ય એલડીસીઈ 'નૂર એ સ્વદેશ'ના થીમ પર મુખ્ય કાર્યક્રમ આયોજિત કરશે જેમાં પોતાના દેશ ભારત માટે ભારતીયોની બદલાતી માન્યાતાઓ અંગેની ચર્ચા થશે. આ ઈવેન્ટમાં ભારતના વિવિધ અગ્રણી સેક્ટર્સમાંથી અગ્રણી પર્સનાલિટીઝ સામેલ થશે. જેમને આપણા દેશના હકારાત્મક પાસાઓની ચર્ચા માટે એક મંચ પર ઉપસ્થિત રખાશે.

આ કાર્યક્રમનું ઉદઘાટન અનુજા પરીખ (સીઈઓ-ઈન્ટેક ઈન્ફોટેક), ધવલ માકડીયા (એડિટર દિવ્ય ભાસ્કર), ધ્વનિત ઠક્કર (રેડિયો જોકી – ૯૮.૩ રેડિયો મિર્ચી) અને રાજુ ભાઈ શાહ (ચેરમેન અને એમડી, હર્ષા એન્જિનિયરીંગ પ્રા.લિ.) દ્વારા દિપપ્રાક્ટ્યથી કરાશે. (૧૯-૮)

# મઢી ઈંગ્લિશ મીડિયમ શાળાનો વાર્ષિકોત્સવ ઉજવાયો

બારડોલી, બારડોલી તાલુકાનાં મઢી ખાતે આવેલ કે.ડી.શાહ અને ડી.વી.શાહ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલનો વાર્ષિકોત્સવ ઉજવાયો હતો. ડો. બંકીમ શાહ અને અશોક શાહ સહિત સંસ્થાના પ્રમુખ કેતન શાહ અને વાલીઓની ઉપસ્થિતિને આવકારતા શાળાના આચાર્ય મયંક ત્રિવેદીએ વિવિધ શાળાકીય પ્રવૃત્તિઓનો ચિતાર રજૂ કરી વાર્ષિકોત્સવને બાળકોમાં રહેલી શુષુપ્ત શક્તિને નિખારવાનો અવસર ગણાવ્યો હતો. શાળામાં અભ્યાસ કરતાં ૩૪૨ વિદ્યાર્થીઓએ અવનવી કૃતિઓ રજૂ કરતાં ઉપસ્થિત મહેરામણ ઝૂમી ઉઠ્યો હતો.


## ઈશાન ડાઈસ એન્ડ કેમિકલ્સ લીમીટેડ

**રજીસ્ટર્ડ ઓફિસઃ** પ્લોટ નં.૧૮, જીઆઈડીસી એસ્ટેટ, ફેઝ-૧, વટવા, અમદાવાદ-૩૮૨૪૪૫.
ટેલી. ૦૭૯-૨૫૮૩૨૧૪૪/૨૫૮૯૩૬૦૭, **ફેક્સઃ** ૦૭૯-૨૫૮૩૩૬૪૩
**ઈ-મેઈલઃ** ishandyes@yahoo.com વેબસાઈટઃ www.ishandyes.com
CIN: L24110GJ1993PLC020737

૩૧મી ડિસેમ્બર,૨૦૧૮ના રોજ પુરા થતા નઉ માસિક અને ત્રિમાસિકના અંતે સ્ટેન્ડલોન અનઓડિટેડનાણાંકીય પરિણામના સ્ટેટમેંટનો ઉતારો

તમામ રકમ રૂ. લાખમાં અન્યથા જયાં સુધી જણાવવામાં ન આવે

| વિગતો | ત્રિમાસિકના અંતે 31-12-18 (અનઓડિટેડ) | નઉ માસિકના અંતે 31-12-18 (અનઓડિટેડ) | ત્રિમાસિકના અંતે 31-12-17 (અનઓડિટેડ) |
|---|---|---|---|
| કામકાજમાંથી કુલ આવક (ચોખ્ખી) | 1206.94 | 5430.52 | 1925.23 |
| ચોખ્ખો નફો / (નુકશાન) (ટેક્સ પહેલાની, અસામાન્ય અને / અથવા વિશિષ્ટ પ્રકારની આઈટમો) | 25.14 | 725.55 | 67.94 |
| ચોખ્ખો નફો / (નુકશાન) ટેક્સ પહેલાની (અસામાન્ય અને / અથવા વિશિષ્ટ પ્રકારની આઈટમો પછી) | 25.14 | 725.55 | 122.94 |
| ચોખ્ખો નફો /(નુકશાન) ટેક્સ પછીની (અસામાન્ય અને / અથવા વિશિષ્ટ પ્રકારની આઈટમો પછી) | 18.60 | 544.82 | 90.04 |
| નફો /(નુકશાન) ટેક્સ પછી અને બીજી સાંયોગિક આવક (ટેક્સ પછી) | 18.60 | 544.82 | 90.04 |
| ચુકવણી કરેલ ઈક્વિટી શેરમૂડી (ફેઈસ વેલ્યૂ રૂા.૧૦ના શેર પ્રમાણે) | 1126.47 | 1126.47 | 1126.47 |
| ગત વર્ષના ઓડીટેડ બેલેન્સશીટમાં કરેલી જોગવાઈ પ્રમાણે અનામત (અનામતનું મુલ્યાંકન પ્રમાણે) | - | - | - |
| શેરદીઠ કમાણી (અસાધારણ આઈટમો પૂર્વે) (રૂા. ૧૦/- પ્રત્યેક) (જાહેર નથી કરેલ) : રૂા. માં | | | |
| (એ) બેઝિક | 0.17 | 4.84 | 0.80 |
| (બી) ડાયલ્યુટેડ | 0.17 | 4.84 | 0.80 |
| શેરદીઠ કમાણી (અસાધારણ આઈટમો બાદ) (રૂા. ૧૦/- પ્રત્યેક) (જાહેર નથી કરેલ) : રૂા. માં | | | |
| (એ) બેઝિક | 0.17 | 4.84 | 0.80 |
| (બી) ડાયલ્યુટેડ | 0.17 | 4.84 | 0.80 |

નોંધ :
૧. અહી ઉપરોક્ત જે અનઓડીટેડ ત્રિમાસિક નાણાંકીય પરિણામ જે પદ્ધતિએ આપેલ છે તે સ્ટોક એક્ષચેન્જમાં સેબીની કલમ ૩૩ (લિસ્ટીંગ એન્ડ અધર ડિસક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ મુજબ અનઓડીટેડ ત્રિમાસિક નાણાંકીય પરિણામોની સંપૂર્ણ માહિતી સ્ટોક એક્સચેંજની વેબસાઈટ www.bseindia.com અને કંપની વેબસાઈટ www.ishandyes.com ઉપર પણ ઉપલબ્ધ છે.

બોર્ડના આદેશ અને તેના વતી
ઈશાન ડાઈસ એન્ડ કેમિકલ્સ લીમીટેડ
સહી/-
શ્રીનલ પી. પટેલ,
ઓલ ટાઈમ ડાયરેક્ટર,
ડીન : ૦૨૯૯૨૫૧૯

સ્થળઃ અમદાવાદ
તારીખઃ ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૧૯


### નલિયામાં સતત બીજા દિવસે પારો ૫.૮

# કાતિલ ઠંડીની વચ્ચે ગુજરાતના લોકો ઠુઠવાયા : રસ્તા સુમસામ

## અમદાવાદમાં સતત બીજા દિવસે પારો ૮.૬ : સૌરાષ્ટ્ર, કચ્છ અને અન્યત્ર કોલ્ડવેવની સ્થિતિ વચ્ચે લોકો પરેશાન

**અમદાવાદ,** અમદાવાદ સહિત ગુજરાતભરમાં કાતિલ ઠંડીનું મોજુ આજે સતત બીજા દિવસે પણ યથાવત રીતે જારી રહ્યું હતું. લઘુત્તમ તાપમાન આજે પણ ખૂબ નીચા રહ્યા હતા. મોટાભાગના વિસ્તારોમાં પારો ૧૦થી નીચે રહેતા લોકોએ કડકડતી ઠંડીનો અનુભવ કર્યો હતો. રવિવાર હોવાના લીધે લોકો સવારમાં વધારે દેખાયા ન હતા. અલબત્ત, મોર્નિંગ વોક પર જતા લોકોની સંખ્યામાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાતના અન્ય ભાગમાં કોલ્ડવેવના લીધે હાલત કફોડી બનેલી છે. અમદાવાદમાં પારો આજે ૮.૬ ડિગ્રી રહ્યો હતો. જયારે ડીસામાં ૭.૫ અને ગાંધીનગરમાં ૮.૪ સુધી પારો રહ્યો હતો. નલિયામાં લઘુત્તમ તાપમાન આજે પણ ૫.૮ ડિગ્રીની સપાટીએ યથાવત રહેતા લોકોએ સૌથી વધુ ઠંડીનો અનુભવ કર્યો હતો. હવામાન વિભાગના કહેવા મુજબ ગુજરાતમાં આગામી બે ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં વધારો થઈ શકે છે પરંતુ હાલ પારો યથાવત રહેવાનો અંદાજ છે. આવતીકાલે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન આજની સરખામણીમાં વધીને ૧૧ ડિગ્રની આસપાસ રહી શકે છે. સૌરાષ્ટ્ર અને કચ્છના મોટાભાગના વિસ્તારો કોલ્ડવેવના સકંજામાં આવી ગયા છે. ઉત્તર પશ્ચિમ પવનો નિચલી સપાટી ઉપર ફુંકાઈ રહ્યા છે. અમદાવાદ, બનાસકાંઠા, સાબરકાંઠા, ગાંધીનગર, વડોદરા, સુરત, સૌરાષ્ટ્ર-કચ્છમાં રાજકોટ, અમરેલીમાં કોલ્ડવેવની ચેતવણી જારી કરવામાં આવી છે.

અમદાવાદમાં આવતીકાલે લઘુત્તમ તાપમાન આજની સરખામણીમાં વધીને ૧૧ ડિગ્રી થઈ શકે છે. કાતિલ ઠંડીના મોજા વચ્ચે લોકોને હાલમાં ગરમ વસ્ત્રો તૈયાર રાખવા પડશે. દિલ્હી અને એનસીઆરમાં વરસાદ તેમજ હિમાચલપ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં હિમવર્ષા થઈ રહી છે જેની અસર પણ જોવા મળી શકે છે. આજે કાશ્મીરમાં નવેસરથી હિમવર્ષા થઈ હતી. જો કે, ગુજરાતમાં લઘુત્તમ તાપમાનમાં એકાએક વધારો થયો જેથી આજે દિવસ દરમિયાન લોકોમાં વાતાવરણને લઈને ચર્ચા જોવા મળી હતી. સૌરાષ્ટ્ર-કચ્છ તેમજ ઉત્તર ગુજરાતમાં કાતિલ ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. જનજીવન પણ ખોરવાઈ ગયું છે. તીવ્ર ઠંડીના લીધે રાત્રિ ગાળામાં રસ્તાઓ પણ સુમસામ બની ગયા છે. કોલ્ડવેવની સ્થિતિ હાલમાં યથાવત રહેશે. લોકો ગરમવસ્ત્રોમાં સજ્જ થઈ ગયા છે. હવામાન વિભાગ તરફથી પણ કોલ્ડવેવની ચેતવણી જારી કરાઈ છે. હિમાચલ પ્રદેશ, જમ્મુ કાશ્મીર અને ઉત્તરાખંડમાં ભારે હિમવર્ષા જારી રહી છે જેના કારણે એલર્ટની જાહેરાત પણ કરવામાં આવી છે. જમ્મુ કાશ્મીરમાં એક બાજુ હિમવર્ષાની મજા માણવામાં આવી રહી છે પરંતુ રાજમાર્ગો ઉપર યાત્રી વાહનો અને ટ્રકોની લાંબી લાઈનો લાગી ગઈ છે. કારણ કે, ભારે હિમવર્ષાના કારણે જમ્મુ કાશ્મીરના મુખ્ય માર્ગોને બંધ કરવાની ફરજ પડી છે.

# જેટ એરવેઝ સાથે ૩૫,૦૦૦ની ફીટ પર તમારી વ્યક્તિને સરપ્રાઈઝ ગિફ્ટ આપો

**મુંબઈ,** ભારતની પ્રીમિયર, ફૂલ-સર્વિસ ઈન્ટરનેશનલ એરલાઈન જેટ એરવેઝે આજે ખાસ ડિઝાઈન કરેલી વેલેન્ટાઈન ડેની ઓફરની જાહેરાત કરી હતી, જે એરલાઈનનાં મહેમાનોને પોતાની પ્રિય વ્યક્તિને ૩૫,૦૦૦ ફીટની ઊંચાઈ પર ભેટ આપીને યાદગાર પ્રસંગ ઊભો કરવાની સુવિધા આપશે!

આ ઓફરનાં ભાગરૂપે મહેમાનો એરલાઈનની ઈન-ફ્લાઈટ ડ્યુટી ફ્રી સર્વિસ જેટબુટિકમાંથી પોતાની સ્પેશ્યલ ગિફ્ટ પ્રી-બુક કરાવી શકે છે, જે આંતરરાષ્ટ્રીય સ્તરની લક્ઝરી બ્રાન્ડની વિસ્તૃત રેન્જ ઓફર કરે છે. તેમાં લેટેસ્ટ ફ્રેગ્રન્સ અને કોસ્મેટિક્સ, વોચ, ગેઝેટ્સ, ટ્રેન્ડી જ્વેલરી, પ્રવાસ માટે જરૂરી ચીજવસ્તુઓ, લિકર વગેરે સામેલ છે. મહેમાનો પ્રોમો કોડ '9WPRE'નો ઉપયોગ કરીને ઓફર પર ૨૦ ટકા ડિસ્કાઉન્ટનો લાભ લઈ શકે છે. 1

# અંધજન મંડળ ખાતે શોર્ટ ફિલ્મ 'ક્રિકોલિટિક્સ' રિલિઝ કરાઈ



**અમદાવાદ,** ક્રિકેટમાં પોલિટિક્સને સુંદર રીતે દર્શાવતી શોર્ટ ફિલ્મ 'ક્રિકોલિટિક્સ'ને આજે વસ્ત્રાપુર ખાતે અંધજન મંડળમાં આયોજિત વિશેષ કાર્યક્રમમાં રિલિઝ કરવામાં આવી હતી. રાજસ્થાનના એક નાના ગામના યુવાનની ક્રિકેટમાં રૂચિ, ક્રિકેટમાં કારકિર્દી બનાવવાના જુસ્સા અને સિલેક્શન પ્રક્રિયામાં રાજકારણની સમસ્યાને સચોટ રીતે દર્શાવતી આ ફિલ્મમાં મુખ્ય ભુમિકામાં હર્ષ શેઠ જાવા મળશે. શ્રીજી ફિલ્મ્સ પ્રોડક્શન્સના બેનર હેઠળ બનેલી આ ફિલ્મના એડિટર, રાઈટર અને ડિરેક્ટર પણ હર્ષ શેઠ પોતે જ છે. આજે આયોજિત કાર્યક્રમમાં અંધજન મંડળના ડિરેક્ટરે દિપ પ્રાગટ્ય સાથે કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો, જે બાદ મંડળના ૮થી૧૦ સદસ્યોએ સુંદર મ્યુઝિક પર્ફોર્મન્સ આપ્યું હતું, જે બાદ ફિલ્મના સભ્યોએ પણ વિવિધ મનોરંજક પર્ફોર્મન્સની રજૂઆત કરી હતી. (૨૦-૪)

# યશ બારોટ અને ઉમેશ બ્રમ્હભટ્ટનું નવું સોન્ગ 'આયા રે બારોટ' લોન્ચ થયું




**અમદાવાદ,** ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ભારે લોક ચાહના ધરાવતા યશ બારોટ અને ઉમેશ બ્રમ્હભટ્ટનું નવું ગીત 'આયા રે બારોટ'ને એક ભવ્ય કાર્યક્રમમાં લોન્ચ કરવામાં આવ્યું હતું. યુડીબી ગુજરાતી દ્વારા પ્રાયોજિત આ આલ્બમની લાંબા સમયથી રાહ જોવાતી હતી, જેના ગાયક યશ બારોટ અને ઉમેશ બ્રમ્હભટ્ટ, મ્યુઝિક યશ બારોટ, ગીતકાર મિતેશ બારોટ સમ્રાટ તથા કલાકાર યશ બારોટ અને ઉમેશ બ્રમ્હભટ્ટ છે.

ઉલ્લેખનીય છે કે બારોટ સમાજમાં ઘણી પેટા જ્ઞાતિઓનો સમાવેશ થાય છે ત્યારે આ તમામ જ્ઞાતિના યુવાન અને યુવતીઓ વચ્ચે એકતા અને સંગઠનની ભાવનાને પ્રેરિત કરવાના ઉદ્દેશ્ય સાથે આ આયા રે બારોટ ગીત તૈયાર કરવામાં આવ્યું છે. આ ગીતનું શુટિંગ અમદાવાદ શહેર અને આસપાસના વિસ્તારોમાં કરવામાં આવ્યું છે તથા આગામી દિવસોમાં વધુ ગીતો લોન્ચ કરવાની યોજના છે. મહત્વપૂર્ણ છે કે એક અભિનેતા અને દિગ્દર્શક તરીકે પોતાની પ્રતિભાને સાબિત કરીને હવે યશ બારોટ સિંગર તરીકે પણ ઉભરી રહ્યાં છે અને આગામી સમયમાં તેઓ હજુ આલ્બમ લોન્ચ કરવાની યોજના ધરાવે છે. તેમણે ક્યાં ગયો દોસ્ત, યાર આવું તો થયાં કરે વગેરેમાં સુંદર કામ કર્યું છે. (૨૦-૪)


## સાંકેતિક કબ્જા નોટીસ

**ICICI Bank**
**ICICI Bank Limited**

**રજીસ્ટર્ડ ઓફિસ :** આઈસીઆઈસીઆઈ બેંક ટાવર, ચકલી સર્કલ પાસે, જુના પાદરા રોડ, વડોદરા - ૩૯૦૦૦૭, ગુજરાત.
**કોર્પોરેટ ઓફિસ :** આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ, બાંદ્રા (ઈ), મુંબઈ - ૪૦૦૦૫૧.
**બ્રાન્ચ ઓફિસ :** આઈસીઆઈસીઆઈ બેંક લી., ઓફિસ નંબર ૨૦૧-બી, ૨જો માળ, રોડ નં.૧ પ્લોટ નં.- બી૩, વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, થાણે, મહારાષ્ટ્ર- ૪૦૦૬૦૪

આથી સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ ઈનફોર્મ્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ ઈન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંકના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહીં દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.
કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો પ્રતિકાત્મક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારો અને સામાન્ય જનતાએ કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

| ક્રમ નં. | કરજદારો/ સહકરજદારો/ જામીનદારો નું નામ / લોન એકાઉન્ટ નંબર | મિલ્કતની વિગત / પ્રતિકાત્મક કબ્જાની તારીખ | ડિમાંડ નોટીસની તારીખ / ડિમાંડ નોટીસની રકમ (રૂ) | શાખાનું નામ |
|---|---|---|---|---|
| ૧. | વિનોદકુમાર ડી સોજીત્રા-ઈલાબેન વિ સોજીત્રા સંજય ડી સોજીત્રા નિતાબેન એસ સોજીત્રા નરેન્દ્ર દેવરાજભાઈ સોજીત્રા-રામેશ્વ કિન્નરી LBRAJ00002005226 | ઘરનં બી ૨૦૧ ક્રિશ્નાપાર્ક, આલપ સેન્ચ્યુરી સામે, નાનામાવા કાલાવાડ રોડ,રેવ સર્વે નં૮૮,ફાઈનલનં ૫૭૯ થી૬૩૧,ટી.પી સ્કીમનં ૨, રાજકોટ-૩૬૦૦૦૫/ ૬ ફેબ્રુઆરી,૨૦૧૯ | ૧૯નવેમ્બર,૨૦૧૮ રૂા. ૪૯,૨૩,૦૪૪.૦૦ | રાજકોટ |

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહી બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવે છે. નહીં તો કલમ ૮ અને ૯ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (ઈન્ફોર્સમેન્ટ) રૂલ, ૨૦૦૨ની જોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કત આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

સહી/-
ઓથોરાઈઝડ ઓફિસર
આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ

તારીખ : ૧૨-૦૨-૨૦૧૯
સ્થળ : ગુજરાત



इसरो isro

ભારત સરકાર, અંતરીક્ષ વિભાગ,અંતરીક્ષ ઉપયોગ કેન્દ્ર (સૈક)
નિર્માણ અને અનુરક્ષણ સમૂહ (સીએમજી),/ જોધપુર ટેકરા, આંબાવાડી વિસ્તાર, પો.ઓ.
અમદાવાદ-૩૮૦૦૧૫ ફોન નં. (૦૭૯) ૨૬૯૧૪૯૩૦ / ૪૯૧૭ / ૪૯૦૧, ફેક્સ નં. (૦૭૯) ૨૬૯૧૫૮૦૦

ઈ-ટેન્ડર નોટિસ નં.: (I) સૈક/સીએમજી/એસી એન્ડ એમ/સીટી/૧૨૮/૨૦૧૯, તારીખઃ ૦૮.૦૨.૨૦૧૯
ઈ-ટેન્ડર નોટિસ નં.: (I) સૈક/સીએમજી/એસી એન્ડ એમ/૩૮ (મોનોરેલ)/૧૧૭/૨૦૧૮-૧૯, તારીખઃ ૦૪.૦૧.૨૦૧૯

**સંક્ષિપ્ત નિવિદાઓ આમંત્રણ સૂચના**

૧.ભારતના રાષ્ટ્રપતિ ધ્વારા નીચે જણાવેલ કામો માટે, ઈ-ટેન્ડરીંગ ધ્વારા ઓનલાઈન આઈટમ નિવિદાઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ નં. | કાર્યનું શીર્ષક | ટેન્ડર માટે અનુમાનિત લાગત રૂપિયામાં | પૂર્ણ કરવાની સમયાવધિ | ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઈનલોડ કરવાની અવધિ | ટેન્ડર્સ પ્રાપ્તિ માટ ેછેલ્લી તારીખ અને સમય | ટેન્ડર્સખુલવાની દેય તારીખ અને સમય | અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી) રૂા. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સૈક અમદાવાદના ઈનસેટ- III, બિલ્ડિંગ ૫૧માં ન્યુ એનર્જી એફિસિયેન્ટ કૂલિંગ ટાવર સાથે અનસર્વિસેબલ કૂલિંગ ટાવર અને હાલના બહુજ જુના, ડેમેઝ્ડ ટાવરનું રિપ્લેસમેંટ. | ૦૯.૯૮ લાખ | ૦૩ માસ | ૧૨.૦૨.૨૦૧૯ (૧૧.૦૦ વાગ્યા)થી ૨૧.૦૨.૨૦૧૯ (૧૭.૦૦ વાગ્યા સુધી) | ૨૫.૦૨.૨૦૧૯નારોજ ૧૪.૩૦ વાગ્યા સુધી | ૨૫.૦૨.૨૦૧૯નારોજ ૧૫.૦૦ વાગે. | ૧૯,૯૫૩/- |
| ૧ | સૈક અમદાવાદના બિલ્ડિંગ નં. ૩૮ના આઉટડોર ઈમેઝીંગ લેબ માટે ૧ ટન ઈલેક્ટ્રીક મોનોરેલ હોસ્ટનું રીમોટ સંચાલનના સપ્લાઈ, ઈન્સ્ટાલેશન, પરિક્ષણ અને કમીશ્નીંગ કરવું. | ૫.૭૦ લાખ | ૦૩ માસ | ૧૦.૦૧.૨૦૧૯ (૧૧.૦૦ વાગ્યા)થી ૨૧.૦૧.૨૦૧૯ (૧૭.૦૦ વાગ્યા સુધી) | ૨૩.૦૧.૨૦૧૯નારોજ ૧૪.૩૦ વાગ્યા સુધી | ૨૩.૦૧.૨૦૧૯નારોજ ૧૫.૦૦ વાગે. | ૧૧,૪૦૦/- |

૨. નિવિદા દસ્તાવેજ વેબસાઈટ www.tenderwizard.com/ISRO થી નિવિદા વિજાર્ડ ની સાથે રજીસ્ટ્રેશન કરી અને ટેન્ડર પ્રોસેસીંગ ફી ની ચુકવણી કરી ડાઉનલોડ કરી શકાય છે. વિક્રેતા રજીસ્ટ્રેશનની પ્રક્રિયા ઉપરોક્ત વેબસાઈટ ઉપર છે. ટેન્ડર પ્રોસેસીંગ ફીની ચુકવણી ઈ-ગેઈટવે ધ્વારા મે. આઈટીઆઈ લી. ને કરવામાં આવે.
૩. ઈચ્છુક નિવિદાકારો અન્ય માહિતી માટે કૃપા કરી વિસ્તૃત આમંત્રણ સૂચના (એનઆઈટી)નો સંદર્ભ ગ્રહણ કરે, આને વેબસાઈટ www.isro.gov.in અથવા www.sac.gov.in. થી ડાઉનલોડ કરી શકાય છે. વધારે માહિતી અને ટેન્ડર દસ્તાવેજ ખરીદવા માટે વેબસાઈટ www.tenderwizard.com/ISRO નું ફ્રી ટેન્ડર વ્યુ જુઓ.

**સમૂહ નિદેશક, સીએમજી**